## Day 1: Chhugo Pahēlo

# છૂગો પહેલો

—:o:—

આશાજી પાછમ દિસથી નરજી આવે, આવે તે જંપુ દીપમાંહે જાણુજી;
એવો નર મારો કાયમ આવસે, થાયસે તે પુરખ અવતાર—
અલી અનંત અનંત અલી અનતેંજો સાહેબ શાહ અનતેંજો અંત તૂંહી જાણેજી ૧

આશાજી એવો પુરખ વીરા તમે શ્રેવો, જે સાચી નારીનો ભરથારજી,
સેવા કરતાં સરવે માણો, માણો તે જંપુદ્વીપ મીંજાર–અલી. ૨

આશાજી અમે પુરખ શ્રી ઇસ્લામ શાહ લાધો, અને લાધો તે દીનનો દાતારજી;
એની નારી જે થઈ રહેશે, તેણે કાંત્યો સુતર અપાર–અલી ૩

આશાજી સીરબંધ સારો અમેજ કાંત્યા, અને આલ્યા તે હાથોહાથ હાથજી;
તે દાડાની અમે નારી થઇ રહી, તે સાચે શાહની જાણ–અલી. ૪

આશાજી એવો નર નારીએ ગોતીને લાવ્યા, તે કરવા જીવુંના કામજી;
એની નારી જે થઈને ચાલશે તે પામસે અમરાપૂરીમાં ઠામ–અલી ૫

આશાજી નવ છૂગાની પાગજ વણી, તે કીધી ઘરની નારજી;
હવે પાઘડી બાંધો એ વર રાજા, જે લાવી તમારી નાર–અલી. ૬

આશાજી કાંતતા કાંતતા નરજીને જાણ્યા, એ બાલકુંવારી તારી નારીજી;
તે નારી ફેરવી શાહ નજર કીધા, દીધા તે અણુત ઊગાર–અલી ૭

આશાજી એતો નર ઓધારવા વાળો જાણો, તમે રખે તે થાઓ ગેમારજી;
એ નર બહુ રૂપે રમતજ રમ્યા, તેની રમતે મ ભૂલોરે ગેમાર અલી. ૮

આશાજી નારીએ જારે એ નર પામ્યા, તારે કીધા તે પીર અવતારજી;
જો તમે એ નરને આરાધો, તો ઊતરો પહેલે પાર–અલી. ૯

આશાજી પીર હસન કબીરદીન ગીનાનજ બોલ્યા, તેનું નવ છૂગાનું વિસતારજી;
ગીનાન વિચારી વીરા તમે ચાલજો, તો પામો વઇકુંઠ ઠામ–અલી. અનત ૧૦

## Day 2: Chhugo Bijo

# છૂગો બીજો

આશાજી અણુત તાર્યાનું વિચારજ કરતાં, તે કેતાક જુગજ જાણોજી;
અમારે માથે તમે મહેરજ આણો, મૌલા નવ છૂગાની છઉં નારી-અલી. ૧

આશાજી અમારા નાથ તમેજ છો, તં તમે ચતૂર સુજાણજી;
તમ તણી અમે નારી થઇ રહયા, મૌલા તમે છો નર અવતાર-અલી. ૨

આશાજી કોલ કરી અમેજ આવિયા, મૌલા કરું તમારી સેવાજી;
અમે જોગી ભવો ભવ તણા, શાહ અમને છે તમારી આશા-અલી. ૩

આશાજી જૂના જોગી ભવોભવ તણા, તમે કંઇ ન લ્યો અમારી સારજી;
હું નવ છૂગાની પાઘડી લાવી, તે લાવી તમારી નાર-અલી. ૪

આશાજી મુસ્તક હમારો નીચો ઘણો, ઊપડે તે નહી લગારજી;
હળવે હળવે ડગલાં ભરું, પ્રેમ કરું અપાર-અલી. ૫

આશાજી કઠણ પોહોરો કલજુગ તણો, તેમાં મેહેર કરો મુરારજી;
મૌલા એમહી જાણી મેહેરજ કરજો, મયા કરો એ મુરાર-અલી. ૬

આશાજી કેતાક આકડા અમેજ વીણ્યા, તેહ તણો કપાસજી;
એણી રીતે કરીને કાંત્યા, તેનું સૂતરજ ખાસ-અલી. ૭

આશાજી નારી ફરતી તીયાંજ કાંતતી, તમે સૂણો નર સુજાણજી;
અમારો નર અમ ઘર આવશે, નકલંકી ચતૂર નીરવાણુ-અલી. ૮

આશાજી વાત સાંભળો નારીજ તણી, તે સતસું વિનવે જાણુજી;
કેતીક વાતે મેહેર મોરા જોગિયા, નવ છૂગાની વેનતી પરમાણો-અલી૦ ૯

આશાજી હસન હુસેનકી આલજ કહીએ, સોહી હસન સાહા ખાસજી,
પીર હસન કબીરદીન બોલ્યા હો મૌલા, પૂરો હમારી આશા-અલી અનત.૧૦

## Day 3: Chhugo Trijo

# છૂગો ત્રીજો

આશાજી હેતસું નારી તેરી આસજ કરતી, ને કશું કીધો મૌલાજી;
જાન તમે લઈને આવજો, તો કરીએ નરસું વાણુ–અલી. ૧

આશાજી પેલી રાત વીવાજ તણી, તારે કરો સતિયુંના કાજજી;
તે તમે સાંભળો હંસાજીના રાજા, નારીના સારો કાજ–અલી. ૨

આશાજી હેત કરીને નારી આવી, તે બાલ કુંવારી નારીજી;
છેડો નાખી મૌલા તમેજ ઢાંકજો, જેમ લોક ને દેખે લગાર–અલી ૩

આશાજી ચાર જુગની અમને આશાજ પોતી, કલજુગમાં કીધી તમે સારજી,
અમે નારી તમે નાથજી, તમે અમારા ભરથાર–અલી.૪

આશાજી નર અલી મોટા તમે નાથજી, અમે તમારી નારીજી;
નીચ નારીની તમે પતજ રાખજો, અમને આશા છે તમારી–અલી ૫

આશાજી મેહેર કરીને તમે મોટા કરો, હમ નાર છઉં તમ મૌલાકી;
આસ કરીને હું નારી આવી, હું નારી છું તમ શાહકી–અલી. ૬

આશાજી ભવો ભવકી હું કથણી કંથુ, કેતી કહું તેની વાતજી,
વેનતી સૂણો તમે મૂજ નારીની, હીરખેસું જાલો મારો હાથ–અલી.૭

આશાજી હું નારી બહુ અપરાધણુ છઉં, અમે આવ્યા તમારે પાસજી;
બે કર જોડી અમેજ આવ્યા, તમે સાંભળો મોરા નાથ–અલી ૮

આશાજી દિલ ભરી અમેજ આવ્યા, ઊભા તમારે દરબારજી;
અલીવર તમે હંસાજીના રાજા, મૌલા સતિયુંની કરજો સાર–અલી ૯

આશાજી અરજ કરીને પીરજી બોલ્યા, અમે આવ્યા તમારે પાસજી;
પીર હસન કબીરદીન વેનતી બોલ્યા, મૌલા અમને છે તમારી આસ–અલી.૧૦

## Day 4: Chhugo Chotho

# છૂગો ચોથો

આશાજી તેડા તમે આપજ મોકલ્યા, તેની કેને નહી કહું વાતજી,
હવે મોલ માંહે તમે બોલાવો તે બોલાવો તમારે પાસ-અલી અનત.૧

આશાજી મયા આણી તમે મોલે બોલાવ્યા, તેની મૌલાજીએ કીધી મેહેરજી,
વીમરસ તણા તેડા મોકલ્યા, કીધી નારીની સાર-અલી.૨

આશાજી એક અલ્લાહ ને બીજી રેહેમત, તમે છો બળવંત રાયજી;
બળવંત અમારા અલીવર ધણી, તે વઈકુંઠ કેરો રાય-અલી.૩

આશાજી એવો નર અમેજ લાવ્યા, તે કરવા ગતિયુંની ઊગારજી;
એણે નરે કલપ જુગ ઓધાર્યા, તે કરશે અમારો શાર-અલી.૪

આશાજી વાત અમારી સાંભળો હો નાથજી, એ સાચી તમારી વાણજી,
વચને બલિયા તમે છો નાથજી, તમે છો પ્રતિપાળ-અલી.૫

આશાજી અબળા નારીની તમે લાજ રાખજો, તમે છો અલી સુજાણજી,
નવ છૂગાની પાઘડી લાવ્યા, તે નારી તમારી નિરવાણ-અલી ૬

આશાજી સુઆગણ કરો મોરા નાથ, હું છઉં તમારી નારજી;
સેહેન લાવી મૌલા અમને વરજો, મૌલા કરો અમારી વાર-અલી ૭

આશાજી ત્રણ તેડા તમેજ મોકલ્યા, તેડાવી ઘરની નારજી,
વઈકુંઠના તમે છો રાજા, હું અબળા તમારી નાર-અલી.૮

આશાજી નારી તમારી હીરખસું હીરખ્યા, હીરખેસું કરે હરસું વાતજી;
વાત સાંભળો તમે મોરા નાથજી, જાન લાવી છૂડાવો અપરાધ-અલી.૯

આશાજી પીર હસન કબીરદીન હીરખસું વીનવે, મૌલા કીધી તેની વારજી,
તે નારીના પાપ ભવો ભવ તણા, તે તોડાવ્યા તેણી વાર-અલી અનત.૧૦

## Day 5: Chhugo Pā(n)chmo

# છૂગો પાંચમો.

આશાજી નર નારીને પરણી લાવ્યા, તે જંપુઅ દ્વીપ મીંજારજી;
ઉતમ નારીતે નરને લાવ્યા, કરવા રીખીસરની સંભાળ–અલી અનંત.૧

આશાજી નારીની સાર તમે નરજીએ કીધી, વચને આવ્યા ઘર મીંજારજી,
વચને બલિયા તમે નાથ છો, ઉતમ નારીની કીધી સંભાર–અલી.૨

અશાજી કલજુગમાંહે હું તમને ઢૂંઢતી, ફીરતી દેશ વિદેશજી;
પાકી નારી જે કોઇ સીલસું, જે નરકું લાવે પોતાને સાથ–અલી.૩

આશાજી પાકી નારી તો નરને લાવ્યા, રીખીસર કારણુ કામજી;
નીચું નમી નમી નારી વિનવે, મૌલા આપે દીયો દીદાર–અલી૪

આશાજી નર નારી દોએ એકઠા બેસસે, તારે કરશે તે જીવુંના કામજી;
સોહાગણુ નારી તેને કહીએ, જેની નર કરે સંભાર–અલી.૫

આશાજી નારી હીરખે અરદાસ કરે છે, સુણો મૌલા ભરથારજી
ઉતમ નારી જેને નરજ લાવ્યા, તે કરવા જીવુંના કામ–અલી.૬

આશાજી ઉતમ નારી જે થઈને અવતરી, તે કરે છે સહુના કામજી;
કુટુંમ પરિવારને તે તારે, જે થઇ અલીવરની નાર–અલી.૭

આશાજી એ તો ગત પરિવાર સહુને તારે, ઊગારે તે જીવું અપારજી;
જે અલીવરશાહની નાર થઈ રહી. તે ગત અનતને ઊતારે પાર–અલી૮

આશાજી પાકી નારી તમારી પ્રગટી, તે કરવા અનતની સારજી;
તે તો નારી અનતને ઓધારસે, ઊતારે સહુ જીવુંને પાર–અલી.૯

આશાજી એ પુરખ તો મને ભેટયો, હું જાઉં તેની બલહારીજી;
પીરહસનકબીરદીન સાચુંજ બોલ્યા, મૌલા નારીની કરજોસંભાર–અલી.૧૦

## Day 6: Chhugo Chh*tho*

# છૂગો છઠ્ઠો

આશાજી પાકી નારી જે પાકજ રહેવે, જેનું પાક પુરશસૂં કામજી;
નારી વીન્યા નર નહી આવે, ન સરે જીવુંના કામ–અલી અનત.૧

આશાજી નારી વીન્યા નર નહી આવશે, નહી આવે આપણે ઘેરજી,
પાકી નારી તો નરને લાવ્યા, સતીની એછે પેર–અલી.૨

આશાજી નારીએ પુરશ પૂરો શ્રેવીયો, ત્રણ ભૂવનનો નાથજી,
તોયે પુરખ તમે સાચા મૌલા તે છે અતિ કોડામણો–અલી ૩

આશાજી એહી પુરશ અતી રૂપે રળિયામણો, જેની નારીઉં લાખો લાખજી;
પાકી નારી જેનરની થાયસે, તે પુરખને લાવે નીરવાણ-અલી.૪

આશાજી પાકી નારી તે સતિયુંને કહીએ, જે કરે કાયાની વારજી;
કાયા તો તે સાફ્જ કરશે, જેણે કીધી સેવા અપાર–અલી.૫

આશાજી સેવા કરી જેણે મેવા પાયા, અને ખાધા હીરખે સારજી,
હઇડે અભાવ નેહજં પડીયા, તો થઈ લોઢાની ભીતજ સાર–અલી.૬

આશાજી તારે નારી નરસું વીનવે, વાત કરે છે સંભારજી,
છમાસ લગણ નારીએ દુઆગજ ભોગવ્યો, તોએ નર ન મલ્યા લગાર–અલી.૭

આશાજી એણે નારીને નર નહી મલ્યો, તોએ હીરખ હઇડે અપારજી,
તારે સાહેબે કીધો માન ચાવાણો, નારીની કીધી સાર–અલી.૮

આશાજી સાહેબકો નેહ નારી લઇ રહી, હઇડે તે હીરખ અપારજી;
એણે સંજોગે પીર સદરદીન કહયા, મૌલા કરો હમારી સાર–અલી.૯

આશાજી હમ નારી હક શાહકી કહીએ, સોહી કરે હમારી સારજી;
નારી થઇ પીર હસન કબીરદીન વીનવે, તમે વરો નર સુજાણ–અલી. ૧૦

# Ana(n)t Nā Nav Chhugā

## Day 7: Chhugo Sātmo

## છૂગો સાતમો.

આશાજી પાકી નારી પહેલાજકું કહીએ, જેની કીધી નરજીએ સંભારજી;
નારી થઇને પહેલાજજ વળગ્યા, તારે પોતા ભરથારને ઘેર-અલી. ૧

આશાજી નર નારીને ઘેરજ આવ્યા, ગલ્યા છે મયદાન મીંજારજી,
એવી એ નારીને નરજ વર્યા, સતીએ સત મીંજાર-અલી. ૨

આશાજી નારી પાકી વીરા તેનેજ કહીએ, જે કરે ભરથારને વશજી;
હરિચંદ્ર વીરા હોઈજ રહયો, તે પોતો અલી આવાસ-અલી. ૩

આશાજી તેણે નરનું ઘર જઇને માણ્યો, સાચી નારી થયા સાચજી;
સતીએ જારે રાજ છોડયા, તારે નર સધાર્યા તેને ઘેર-અલી. ૪

આશાજી નારી થઇને તે જીવ ચાલ્યા, જેનું જુજેષ્ટળ નામજી;
નવ કરોડ તેણે જીવજ તાર્યો, સાર્યા તે સહુના કાજ-અલી. ૫

આશાજી જયારે નારી થઇને શ્રેવ્યા, ત્યારે નરે તે કીધી સારજી,
સાર કરી સાહેબે હાથજ જાલ્યો, ઊતાર્યા પહેલે પાર-અલી. ૬

આશાજી નારી તો પૂરી સોહી કહીએ, જેનું પીર સદરદીન નામજી;
બાર કરોડ જીવડા તાર્યા, કર્યા જીવુંના કામ-અલી. ૭

આશાજી એવી નારી સોહી કહીએ, જે સતસું શાહને સંભારેજી;
એક તીલ મોટાઇને કારણે, વજરની ભીતજ સરજયા-અલી. ૮

આશાજી હમભી નારી તેરે ઘરકી, મૂને છે તમારી આશજી,
કૃપા કરો હો મોરા નાથજી, પૂરો હમારી આશ-અલી. ૯

આશાજી શ્રી ઇસ્લામ શાહ મોરો મૌલા, નર દાતાર જેનું નામજી;
પીર હસન કબીરદીન એમહી વિનવે, સુઆગણુતેનું નામ-અલીઅનંત૧૦

## Day 8: Chhugo Āthmo

# છૂગો આઠમો

આશાજી એવી નારિયું તારી અતિ ઘણી છે, તે કરે છે શણગારજી;
પાકી નારી જે હોઈ રહી, તે પોતી દેવને દુઆર–અલી.૧

આશાજી જયારે નર નારીકું લાવ્યા; તેણે કીધી હમારી સારજી,
મૂજ નારીને ઘેર નરજ આવ્યા, તે જંપુઅદ્દીપ મીંજાર–અલી.૨

આશાજી નારી પૂરી પ્રીતની કહીએ. તેનું પીર સદરદ્દીન નામજી;
સાચી નારી તારી થઇ રહી, તમે છો સાચા મોરા સામ–અલી.૩

આશાજી સત કરીને જેણે શાહને શ્રેવ્યા, તેની વેદ માંહે છે સાચી શાંખજી;
સાચો નર મારો મોલા રાજો, તેનું નામ શાહ અલી અવતાર–અલી. ૪

આશાજી એણે નારના સુઆગી બેઠા, તે બેઠા સરગ મીંજારજી,
એણે નારી પાસે નરજી રહયા, તેના હઇડે તે હીરખ ન માય–અલી.૫

આશાજી એ નરનીયું નારીઉ જે સાચી થઇ; તેના જુગમાંહે નામ લખાણુજી;
હુરાઉં પચાસ તે જીવ માણુસે, તેના સરિયા સરવે કામ–અલી. ૬

આશાજી સુઆગ મૌલા જે નારી થઈ રહી, તે સતી સોહી સજાણુજી,
કસ પાયા જેણે જુગમાંહે; તારે નર થયા મહેરબાન–અલી. ૭

આશાજી મૂજ નારીની લાજજ રાખજો, સૂણો મારા નરજી;
નર ચરણે નારી હીરખે ઘણું, જે પાસે નર રહે નિરવાણુ–અલી. ૮

આશાજી નરને પરતાપે નારી ઊગરે, તે શ્રેવાએ ઊગારે પારજી;
સેવા કરી જેણે મેવા પાયા, માણ્યા સરગ મીંજાર–અલી ૯

આશાજી ચાર કન્યાઉં દેવની છે, એક અરધ અંગની સારજી;
પીર હસન કબીરદ્દીન શાહને વીનવે, મૌલા મારા કરો અમારી સાર–અલી. ૧૦

## Ana(n)t Nā Nav Chhugā

## Day 9: Chhugo Navmo

# છૂગો નવમો

આશાજી નવ છૂગાની પાગજ બાંધો, તે બાંધો, મોરા વરજી;
આકડાનું સૂતર નારીએ કાત્યું, જાણો મારા નર નીકલંકી નાથ–અલી.૧

આશાજી પિતાજી મારે મોટાઈ કીધી, તો કીધી સતની ખોટજી;
તારે વજરની ભીતજ નીપની, અને આવી દીદારની ખોટ–અલી.૨

આશાજી પીર સદરદીન તપજ કર્યા. જે સતે સાચો હુઓ દાસજી;
ઊંધે મુસ્તક તપજ સાધ્યું મૌલા પૂરો હમારી આશ અલી.૩

આશાજી હું છું અપરાધણ સાચી નારીના વર તમે જાણોજી;
દીધા કોલ મૌલા તમેજ પાળજો, તમે નારીના વર રાજા–અલી.૪

આશાજી છ માસ સુધી ગુરે તપજ સાધ્યા, રૂદન કર્યા અપારજી;
અન્ન પાણી ગુરે મેલ્યા, તારે નારીની કીધી સાર–અલી.૫

આશાજી નરે જયારે નજરજ કર્યા તારે પૂરી મનની આશજી,
તારે વજરની ભીતજ ગલી, પોતા નરને પાસ –અલી.૬

આશાજી ગુર જયારે દરશન ભેટયા સાહેબે કીધી સંભારજી;
તારે સૂજદો દઇને નારી વીનવે, અરદાસ કરે અપાર–અલી ૭

આશાજી હું છઉં અપરાધણ પાપણી તમે છો બક્ષણુહારજી;
બંદા દોસારી સદા અપરાધી, શાહજી ઊતારો પાર–અલી.૮

આશાજી બાર કરોડ જીવડા તાર્યા સરબંધ બાંધ્યો સીર પરજી;
તારે પીર હશન કબીરદીને પાગ લઇ આગલ ધરી તમે બાંધો મારા
અલીવર દાતાર–અલી.૯

આશાજી નવ છૂગાની શાહ પાગજ બાંધો. વીનવે ઊભી ઘરની નારજી;
અણુત તે માંહે વણ્યો હતો તે દીધો હસન શાહને સાર–અલી અનત.૧૦